GSECL

GMDC
FUELING THE GROWTH

મે-૨૦૨૨

અંક - ૪૭



# અરુણોદય

સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા



અનુક્રમણિકા

- આપણે ડાબા પડખે શું કામ સૂવું જોઈએ ?
- હવે બધું ગયું.......
- મા ના આશીર્વાદ
- "वो पत्थर था इसलिए पिघल गया। "
- મારી શાળા જી.ટી.હાઇસ્કુલ કોઠારા-સંસ્મરણો
- આવી પરીક્ષા
- વેકેશનની મોજ
- भारत में रविवार की छुट्टी किस व्यक्ति ने दिलाई ?
- વિચાર મૌકિતકો
- શાળાની પ્રવૃત્તિઓ

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" મે- ૨૦૨૨ ,અંક-૪૭ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# આપણે ડાબા પડખે શું કામ સૂવું જોઇએ ?

મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

આપણા ભારત દેશમાં હજારો વર્ષોથી લોકો આયુર્વેદ માં બતાવ્યા પ્રમાણે નું જીવન જીવતા આવ્યા છીએ. તંદુરસ્ત જીવન જીવવા માટે ની તમામ બાબતો વિશે આયુર્વેદમાં વર્ણન છે. આપણા શરીર માટે ઊંઘ અતિ મહત્વ ધરાવે છે.પૂરતી ઊંઘવા થીં શરીર ને ઘસારો લાગતો નથી અને શરીર સ્ફૂર્તિ વાળું અને તાજું માજુ રહે છે.

સુવા અંગે નીચે ના આયુર્વેદિક પંક્તિઓ જુઓ,

" ઊંધો સુવે અભગયો,ચિત્તો સુવે રોગી,

ડાબે તો સૌ કોઈ સૂયે,જમણે સૂયે જોગી. "




આ પંક્તિ પણ જુઓ

"આંખે ત્રિફળા દાંતે લુણ,

પેટ ન ભરીએ ચારે ખૂણ,

જમી ડાબે પડખે સુવે ,

વૈદ ન તેની નાડી જુએ"

આમ આયુર્વેદ નું કહેવું છે કે આપણે ડાબા પડખે સૂવું જોઈએ.જમ્યા બાદ અચૂક ડાબે પડખે સૂવું જોઈએ. ડાબા પડખે સૂવાથી પેટ નાં પાચન તંત્ર નાં બધા અવયવો આરામથી ખોરાક પચાવવા નું કામ કરે છે. ખાધેલાં ખોરાકનું પૂરતા પ્રમાણમાં અવશોષિત થઈ તંદુરસ્તી જળવાય રહે છે.

ડાબે પડખે સુવાથી આપણું શ્વસન તંત્ર સારી રીતે કામ કરે છે અને શરીરમાં પૂરતાં પ્રમાણમાં પ્રાણવાયુ ઓક્સિજન મળી રહે છે જેથી આપણે સ્ફૂર્તિ નો અનુભવ કરીયે છીયે.

આ સિવાય અગણિત ફાયદા ડાબે પડખે સુવાનાં છે. તો ચાલો આપણે આજથી જ ડાબે પડખે સુવાનું ચાલું કરીએ અને તંદુરસ્ત જીવન જીવીએ.

# હવે બધું ગયું.......



તૃષા જે. કણઝરારી
ધોરણ - ૯



પાણીને વોટર ભરખી ગયું ,
હુંડીને ચેક ભરખી ગયા ,
દિવાળીને ક્રિસમસ ગળી ગયું ,
કારતકને જાન્યુઆરી જલાવી દીધો ,
તિથિ ને તારીખે ટક્કર મારી.....
ખાણુ ને વાળુ ડીનરની ડીશમાં ગયું.....
આવો ગયું , પધારો ગયું , નમસ્તે ગયું ,
“હાય” અને “હલ્લો” ના હાહાકારમાં સ્નેહ ભીના શબ્દો ગયા,
કાકા ગયા , મામા ગયા , માસા અને ફુવા ગયા
અને એક “અંકલે” માં એ બધા ગરકાવ થયા.
તહેવાર ગયા , ઉત્સવના વહેવાર ગયા અને
માત્ર Party ને Celebration રહી ગયા.
લાપસી , ખીર ને કંસાર ગયા.... અને
Cake and Cocktail રહી ગયા .
માણસ માંથી માણસાઈ ને સંબંધ ગયા,
ને કામ પૂરતા જ માત્ર Mobile Number રહી ગયા.





પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

# મા ના આશીર્વાદ

વિશ્વમાં વંદનીય જો કોઈ વ્યક્તિ હોય તો તે છે જનની. ‘જનની ની જોડ સખી નહિ જડે રે લોલ’ . માટે જ કહેવાયું છે કે પુત્ર કુપુત્ર થાય પણ માતા કુમાતા ન થાય. અખૂટ વાત્સલ્યનું ઝરણું એટલે માં. જીવનના તડકા છાયા વેઠી જે પોતાની જાતને ખપાવી દઈ સૌ ના કલ્યાણનો જ વિચાર કરે છે. માં ના આશીર્વાદ જો સાથે હોયતો દુનિયાની તમામ મુશ્કેલીઓ સામે લડી શકાય.

એક મજાનો પ્રસંગ વાગોળીએ. પોતાના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન ગાંધીજી પોતાના ગળામાં તુલસીની માળા પહેરી રાખતા. તેમના મિત્રોને ખુબ આશ્ચર્ય થતું. એક વખત એક બેરિસ્ટર મિત્રે ગાંધીજીને કહયું કે , **“તમે આટલા ભણેલા ગણેલા છો તમને આ માળા પહેરવી શોભાસ્પદ લાગતું નથી.** માળા પહેરવાથી તમે અંધશ્રધ્ધાળુ લાગો છો. લાવો આ માળા હું તોડી નાખું”.

ગાંધીજીએ કહયું , "આ માળા તમે કેવી રીતે તોડી શકો ? આ તો મારી માતાએ આપેલ આશીર્વાદનું સ્વરૂપ છે". આ માળા હું કદાપિ તોડી ન શકું અને કદાચ જો તે તૂટી પણ જશેતો હું બીજી માળા નહિ પહેરું. ગાંધીજીની માળા પરની શ્રધ્ધા જોઈ બેરિસ્ટર મિત્રો ચૂપ થઈ ગયા.

કહેવાનું તાત્પર્ય કે મા ના આશીર્વાદની તાકાત અને માળા પરની શ્રધ્ધા આ બંને ની તુલના કરવી અશક્ય છે. પૈસાથી બધું ખરીદી શકાય પણ મા ની મમતા નહિ.

સાચું જ કહેવાયુ છે કે "જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસી." 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.' મા ની અમી દષ્ટિ સદા તેના બાળક પર વરસતી રહે છે.

જનની અને માતૃભૂમિને કોટિ કોટિ વંદન.

## "वो पत्थर था इसलिए पिघल गया। "



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

मीरा ने जब होश संभाला तो किसिने किष्न कि मूति हाथ में थमा दि।
मूँति पत्थर की थी, उस में भावनाए कहा थी।
मीरा के हाथों के स्पर्श से उसमे भावनाए जागी।
जैसे जैसे मीरा बड़ी हुई मूँति से एक संबंध जुड़ा,
दिन और रात मूँति के बिना असंभव होने लगा।
सखी,सहेली ब्याह के ससुराल गई, मीरा भी गई।
लोगोके लिए जो पत्थर था : वही मीरा की जान था।
बाकी रिश्ते वैसे ही पत्थर थे,
फिर भी हर मर्यादा निभाई।
पत्थर से बनी मूर्ति मीरा के साथ हसने ओर रोने लगी।
कहने को तो कई साल बीत चुके हैं, मीरा के प्यार ने पत्थर मे भी प्रेम -अंकुर जगा दिया।
इन्सान जिसके पास दिल ओर दिल में भावनाए थी,
मीरा को मृत्युदंड दे दिया।
मीरा के आँसुओ की करूण पुकार सुन वो नहीं सह सका
पत्थर था इसलिए पिघल गया।
उसके पास दिल ओर दिमाग कहा था कि सोचता ?
खुद ही पिघल कर टूट गया ओर मीरा को अपने अंदर समा लिया।
हजारों उदाहरण है कि स्त्री ने प्रेम किया ओर निभाया,
किन्तु श्री कृष्ण के अलावा कोई नर नहीं है जिसने स्त्री के समॅपण को पत्थर बन के भो स्वीकार किया।
वो पत्थर था इसलिए पिघल गया, अगर इन्सान होता तो?????









# મારી શાળા જી.ટી.હાઇસ્કુલ-કોઠારા સંસ્મરણો



હરિસિંહ સોઢા
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)

એક શેઠને પશ્ચિમ કચ્છના સૂકા પ્રદેશમાં શાળા સ્થાપવાનું સ્વપ્ન આવ્યું.એમના વારસોએ એ સ્વપ્નને સાકાર કરવા સહયોગ આપ્યો અને એ રીતે શેઠ જી.ટી.સ્મારક મહાશાળાની સ્થાપનાના ઈ.સ.૧૮૬૫ બીજ રોપાયા .પછી તો આઝાદી પછી તબક્કે તબક્કે વિસ્તરીને એ શાળા એક વટવૃક્ષ બની ગઇ.જેના છાંયડામાં આજે કેટલાય પરિવારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આનંદથી ઝુમી રહ્યા છે !

આ વૃક્ષને વટવૃક્ષ બનાવવામાં માટે હવા,પાણી અને પ્રકાશ અહીંના અસાધારણ શિક્ષકો,દયાવાન શ્રેષ્ઠીઓ તથા કોઠારાના નિસ્વાર્થ ગામવાસીઓએ આપ્યો.સૌના સહયોગથી સફળતાના શિખરો સર કરનાર એ ગ્રામ્ય શાળામાં એડમિશન મેળવવા પડાપડી થતી.

IITના ટોપર,આઇ.એ.એસ,વિશ્વ કક્ષાના એંજિનિયરો,સર્જન ડોકટરો,ગેજેટેડ ઓફિસરો, ઉદ્યોગપતિઓ, પર્યાવરણ પ્રેમીઓ,માનવસેવાના ભેખધારીઓ,ઉત્કૃષ્ટ કક્ષાના કવિઓ,લેખકો,કલાના સંશોધકો,ધારાસભ્યો,......શિક્ષકોના ઝુમખે ઝુમખા એવા ફળો લાગ્યા પછી આ વટવૃક્ષને ( જેમના પરિવારો લગભગ નિરક્ષર અથવા ઓછું ભણેલા હતા)..જે રાજ્ય-દેશ અને વિશ્વના ખૂણે ખૂણે જી.ટીની સારપની સુગંધ ફેલાવી રહ્યા છે.

શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મે પલતે હે', ચાણક્યની આ પંક્તિ કેટલી યથાર્થ છે.આ શાળામાં હું જેમની પાસે ભણ્યો એવા ગુરુજનો સાથેનાં અનુભવો જ્યારે મનપટલ પર તાજા થાય છે અને એમને નતમસ્તક વંદન કરવાનું મન થાય છે

આચાર્ય જાડેજા સાહેબનું ગણિત તો આલા દરજ્જાનું.પણ એમનું જીવન પ્રત્યેનું ગણતર એથીય ઊંચુ.મને યાદ છે કે S.S.Cમાં ભણતો ત્યારે એકવાર મારું માથું દુખવા લાગ્યું.એ મને ભૂજ લઇ ગયા.અને ખબર પડી કે આ આંખોને ચશ્માની જરુર છે.એમને તમામ વ્યવસ્થા કરી અને સારા ચશ્મા અપાવ્યા.આ વાત કદાચ મારા અભિભાવકોને પણ ખબર નહીં હોય.પછી એ ચશ્માથી જીવનને જોવાનો નજરિયો બદલાઇ ગયો ! હકારાત્મકતા હાડેહાડમાં વ્યાપી ગઈ.મારા પેપર બે ત્રણ જગ્યાએથી ચેક કરાવી ઈનપુટસ આપતા.હું SSCમાં કેન્દ્રમાં પ્રથમ અને કચ્છ જિલ્લામાં બીજા નંબરે પાસ થયો.

સરલાબેન ..જેવું એમનુ નામ એટલા જ સરળ.હિન્દી અને સંસ્કૃતના શિક્ષક.જો કે મેં હિન્દી નહોતું રાખ્યું પણ એમના પાસેથી ભણેલા સંસ્કૃતના શ્લોકો આજે ૨૩-૨૫ વર્ષ પછી પણ યાદ છે.એક હાથમાં ચોપડીને બીજો હાથ હવામાં વીંઝાતો રહે અને શ્લોકોનો ગુંજારવ પછી શાળેય વાતાવરણને પ્રફુલ્લિત કરી દે.

અંગ્રેજીના શિક્ષકા સ્વ.હર્ષિકાબેનનું સ્મરણ કરતાં આંખ ભીની થઇ જાય છે.બહુ કડક સ્વભાવના અને વિદ્યાર્થીઓમાં એમનો 'ચુંટીયો' બહુ ફેમશ.એમના ચુંટીયાથી જાગૃત થયેલા કેટલાંય વિદ્યાર્થીઓના જીવનમાં આજે જાહોજલાલી હશે! બેનના સમયગાળામાં અંગ્રેજીનું પરિણામ હંમેશા સો ટકા રહ્યું.એકપણ વિદ્યાર્થી એ ૧૫ ૨૦ વર્ષમાં અંગ્રેજીમાં ફેલ નહીં થયો હોય ! એકવાર એ માતાના મઢ ચાલીને ગયા હતા.એમની તબિયત નાજુક રહેતી.શ્વાસ સબંધિત તકલીફોના લીધે..બેનનો અવાજ નહોતો નીકળતો તોય મહામહેનતે એમને જે ભણાવવું હતુ તે ભણાવ્યું જ્યાં સુધી એ ઢળી ન પડ્યા ત્યાં સુધી.આવી નિષ્ઠા દીવો શોધીને જોવા નીકળીએ તોય મળશે ખરી આજે ?

કાથરોટીયા સાહેબ,ગીતાબેન,કાંતાબેન,મેસરિયાસાહેબ,પટેલ સાહેબ,ફેફર સાહેબ,ઝાલા સાહેબ...એમની આગવી અદાઓથી એમના વિષયને ન્યાય આપતા એ કેમ ભૂલું ?

રીટાબેન પાસે મારી નવમાં ધોરણની ચિત્રપોથી આજે પણ સાચવેલી પડી છે.કાથરોટીયા સાહેબ પાસે મારા ૯ અને ૧૦ ધોરણના ત્રણેણ પેપર અને નોટબુક ! વિદ્યાર્થી રુપી પંખી તો ભણીને ઊડી જાય પણ શિક્ષકની પાસે એના સંભારણા આમ સચવાયેલા રહે તો જ્યારે વર્ષો પછી મળીએ તો આંખોમાંથી અશ્રુધાર સિવાય શું વહે ? 'હું ચોક્કસ આવીશ આપના ઘરે મારું સંપેતરુ અને આશીર્વાદ લેવા.'

સ્વ.જીતુ હાલાઈ,જીતુ વરસાણી,જીતુ પટેલ,જીતેન્દ્ર જાડેજા..., જયેશ, મુકેશ , ગિરીષ, યોગેન્દ્રન, રવિન્દ્રવ, ભુરુભા,મંધરા,ભરત,સંજય,વિશાલ,મંગલસિંહ,તુષાર,ભદ્રવેશ,ભક્તિ,પ્રેક્ષા,ફોરમ....કેટલાય નામો ચક્ષુપટલ પરથી આવીને હ્રદયપટલ પર ગજબના ચિત્રો અંકિત કરી જાય છે

અહીં આપેલ ગુરુજનો અને મિત્રોની યાદી સાંકેતિક નાનકડી છે....બાકી આપ સર્વેનો એમા સમાવેશ છે !

જી.ટી.હાઈસ્કુલ કોઠારામાં આ તા.૧૪ અને ૧૫ એપ્રિલના ગુરુવંદના અને મિત્રમિલનનો એક અનોખો પ્રસંગ ઉજવાઇ ગયો.વર્ષ ઇ.સ ૧૯૬૦થી ૨૦૦૦ સુધી અહીં અધ્યન-અધ્યાપન કરનારાનો મેળો જામ્યો હતો.કોઇ વિદ્યાર્થી પોતાના પ્રપૌત્રો સાથે તો કોઇ મારી જેમ એકલવીર...૩૫થી લઇને ૭૫ ૮૦ વર્ષ સુધીનાં યાયાવર પંખીઓ.કોઇ નાયરો નદીના વિશાળ પટમાં બે ઘડી બેઠાં તો કોઇ વ.ક.નાથા છાત્રાલયમાં પોતે જે રુમમાં રહેતા તેમાં.રવિવારની બે કલાકની છુટછાટમાં હોસ્ટેલમાંથી કોઠારાના જે સ્થાનો પર જતા ત્યાં જઇ યાદોને તરોતાજા કરી.આશાપુરા મંદિર,ગઢ,જૈન-મંદિર અને કોઠારાની ગલીઓમાં સૌ જુવાનડોશા સ્મૃતિઓને વાગોળી તરોતાજા થયા.પર્યાવરણ સંરક્ષના પાઠ,સ્વામીજીની ટકોર,ભવ્ય દાંડિયારાશ,પોતે જે વર્ગમાં જે પાટલી પર બેસતા એ પર ફરી બેસવું.(પાટલીઓ સંકોચાઇ ગઇ છે !).....શું લખું ને શું મૂકું ? મનપાંચમના બે દિવસના મેળામાં ભવ્ય ભૂતકાળ સાથે રુબરુ થયા પછી એ સૌ પછી ઊડી ગયા પોત પોતાનાં માળામાં...

ગુરુવંદનાના કાર્યક્રમમાં ગરુજનોનું સન્માન થયું ત્યારે ભાવસભર દ્રશ્યો ઝીલાયા.એમાંય વિજયાબેન અને સરલાબેનના સન્માન વખતે તો આખુ મંડપ હીબકે ચડયું ! આવી ચાહનાવાળા અધ્યાપકોએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરીને જી.ટી.રુપ વટવૃક્ષ પર ધીમે તાપે ફળો પકવ્યા છે.એટલે એમાં કુદરતી મીઠાશ છે ! આપણે આજના અભિભાવકો અને અધ્યાપકો કાર્બાઇડથી કેરીઓ પકવવા બેઠા છીએ.એમાં મીઠાશ ક્યાંથી આવશે ?

અભૂતપૂર્વ કાર્યક્રમને સફળ બનાવવા મુંબઇ અને અન્ય જગ્યાએથી આવેલા જી.ટી.ના વિદ્યાર્થીઓ ખાસ કરીને સોમચંદભાઇ જેવા ૭૦ ૭૫ની ઉંમરે પહોંચેલા જુવાનડોસલાઓનો શબ્દોમાં શું આભાર માની શકીએ ? એમની સૌમ્ય છબી અને તરવરાટ સ્મૃતિઓમાં ચીતરી લીધાં છે.૧૫ ૧૫ દિવસથી આ બે દિવસના કાર્યક્રમને સફળ બનાવવામાં કોઠારામાં ધામા નાખનાર તમામ આયોજકોને વંદન.પોતાની નાળ-માત્રૃસંસ્થા સાથે ફરીથી જોડાવામાં આપે જે આયોજન કર્યું એ કાબિલેતારીફ છે.

કાર્યક્રમ સંચાલન કરનાર કવિ જગદીશ ગોર'શરમાળ'ની શૈલીએ ચાર ચાંદ લગાવી દીધા.ખડે પગે રહેનાર શિક્ષકગણ અને સ્વંયસેવકોએ સોનામાં સુગંધ ભેળવી.

જી.ટી.ની વસંત તો વહેલી જતી રહી.પાનખરમાં મરણ પથારીએ ડુસકાં ભરતું એ જાજરમાન ઝાડમાં ફરી નવી કુંપળો ફુટે,નવપુષ્પોથી ફરી એ સુકાયેલું વિશાળ વૃક્ષ ઝુમી ઊઠે એ માટે શું કરી શકાય ?બે દિવસ પરીકથાની જેમ વીતિ ગયા.અને સુંદર સંભારણોની એ નાજુક ડબ્બી ફાટેલા ખીસ્સામાં સેરવી ગાંધીનગર તરફ પ્રયાણ કર્યું !

ફિર મિલેંગે કભી....

સૌ ને હ્રદયથી વંદન





# આવી પરીક્ષા



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

શિક્ષક છીએ એટલે વિધાર્થીઓના ચહેરા જોઈને એમની મન: સ્થિતિનો વિચાર આવે કારણકે શિક્ષક પણ ક્યારેક વિધાર્થી હતો. ક્યારેક વિધાર્થીઓની વાતો સાંભળીને આપણી વિધાર્થી અવસ્થા યાદ આવી જાય. આઠ - આઠ પિરિયડો , જુદા જુદા વિષયો , વિષયમાં રસ હોય કે ન હોય ભણવું ફરજીયાત  દરેક વિષયના શિક્ષકો અલગ - અલગ પણ ભણનાર વિધાર્થીઓ એના એ જ . વિષય શિક્ષકો આવેને જાણે બાળકોના મગજ ઉપર પોતાના વિષયનું ફાયરિંગ કરીને નીકળી જાય ,પણ શું થાય આપણી શિક્ષણ પધ્ધતિ જ એવી છે અને એમાંય પરીક્ષા આવે એટલે તો બાપરે ! પરીક્ષાનું વાવાઝોડું જ્યારે આવેને  ત્યારે વિધાર્થીઓ એવું વિચારતા હોય કે મમ્મી - પપ્પાને કેવું સારું વાંચવાનુ નઈ કે પરીક્ષા નઈ , શિક્ષકોને કેવુ સારુ ભણાવવાનુ પણ યાદ તો રાખવું  નઈ. વિધાર્થી આખા વર્ષ દરમિયાન જે ભણ્યો એનું મૂલ્યાંકન માત્ર પરીક્ષાના ત્રણ કલાક ઉપર નિર્ભર રાખે. આ ત્રણ કલાક વિધાર્થીનું ભાવિ નક્કી કરે. આ બધુ આપણે પણ અનુભવ્યું છે કારણકે આપણે પણ વિધાર્થી હતા. દરેક વિષયને  લઈને બાળકોની જે મન:દશા હોય છે એને અવિનાશ વ્યાસે પોતાના એક ગીતમાં હળવી રમૂજ શૈલીમાં રજૂ કરીને વિષયના ભારને જાણે હળવો કર્યો  છે. જે નીચે પ્રમાણે છે.

## આવી પરીક્ષા





આવી પરીક્ષા આવી પરીક્ષા
રુધિર કેરું પાણી કરતી
શિક્ષણમાં ચોરી શીખવતી
સાચી ખોટી ભણનારાને કરતી એ શિક્ષા.



આવી પરીક્ષા વાંચો ભાઈ વાંચો,
નહિ ખાવાનું , નહિ પીવાનું , નહિ ફરવાનું  , નહિ સૂવાનું,
શરીર કેરા સ્વાસ્થ્યના ભોગે મરી મરી જીવવાનું
વાંચો ભાઈ વાંચો.

**મેથેમેટિક્સ**

માથાકૂટિયું મેથેમેટિક્સ
પહેલું સપનામાં દેખાયું
ગણગણતું ગણગણતું જાણે
દુ:ખનો દરિયો લાવ્યું



એ સ્કવેર માઇનસ બી સ્કવેર
વર્તાવીને કાળો કેર
જીવનમાં પ્લસ (+) થાતાં
માઇનસ થાતી સુખની લ્હેર ,
માથાકૂટિયું મેથેમેટિક્સ




## ઈતિહાસ



પછી પ્રગટ થયો ઈતિહાસ , વર્ષોની કંઇ વીસરી વાતો
દાઢી રાખી બાબર આવ્યો, રાખી છરી નિજ પાસ ,
ચાર વર્ષ મેં રાજ કર્યું છે , ભૂલે નહી કોઇ ખાસ્સ ,
જે ભૂલશે તે ઈતિહાસમાં જરૂર થશે નપાસ.
મૂછ મરડતો આવ્યો પેલો ડુંગર ઉંદર શિવાજી
કરંડિયામાં છુપાઇ મેં કેવી રચી બાજી! બોલ્યો શિવાજી.



## અંગ્રેજી

આવ્યું અણમોલું અંગ્રેજી !
ઘરમાં સૌના આગ લગાડી
કરતું ખૂનરીજી
આવ્યું અણમોલું અંગ્રેજી
એક પડખે પોએટ્રી
ને બીજે પડખે પ્રોઝ ,
પોતાની ભાષા ભૂલાવે
ગુલાબને કહે રોઝ
એવું અણમોલું અંગ્રેજી.






નીંદર ઘેરી આંખડીઓમાં સમાણું લાધ્યું રે સમાણું લાધ્યું
ભાં રુધિર તરસી આવી પરીક્ષા.



# વેકેશનની મોજ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

વેકેશન શબ્દ સાંભળતા જ જાણે મન પરનો બોજો હળવો થઈ જાય. સતત કામની ઘટમાળ માં પરોવાયેલો દરેક વ્યક્તિ હળવો થવા ઈચ્છતો હોય છે. આમ તો જિંદગીની રફતાર એટલી ઝડપી હોય છે કે ઘણી વખત વ્યક્તિ ઈચ્છે તો પણ વેકેશનનો આનંદ લઈ શકતી નથી.

બાળપણમાં જ્યારે શાળામાં દાખલ થયા તે પ્રથમ દિવસથી જ જાણે વેકેશનની પ્રતિક્ષા કરતા હતા. આખું વર્ષ ભણ્યા પછી ગાડીની સફરનું અંતિમ સ્ટેશન એટલે વેકેશન.

શાળામાં શિક્ષક જો બાળકોને મનગમતા વિષય પર નિબંધ લખવાનું કહે તો મોટાભાગના બાળકો વેકેશન પર જ નિબંધ લખે. બીજા બધા વિષયો પર કદાચ લખવામાં ભારેખમ લાગે પણ વેકેશન વિશે લખવામાં ખુદ હળવો ફુલ થઈ મોજ થી લખે. "વેકેશન એ વેકેશન બાકી બીજા બધા ટ્રેન વિનાના સ્ટેશન." ભોળપણની રેત પર જ્યારે સમજણનું પાણી ફરી વળે ત્યારે સમજવું કે આપણે બાળપણને ગુડબાય કહી દીધું છે.

આમ તો વેકેશનનું શિક્ષણ પુસ્તકની બહાર પણ મસ્તકની અંદરનું શિક્ષણ છે. એલાર્મને ગુડમોર્નિંગ કરનારા અને ટીવી ને ગુડબાય કહેનારા આપણે પ્રકૃતિનો સાચો આનંદ માણતાં નથી જે ખરેખર ઝડપી યુગની કરૂણતા પણ છે.

વેકેશન એ પાછલા વર્ષનું બોનસ અને આગલા વર્ષનું ઓવર ટાઈમ છે. વેકેશનની આતુરતાથી રાહ જોનાર મન ભરીને નિદ્રા માણે છે તો વળી કોઈક નવું શીખવા , જાણવા કે સર્જનાત્મક પ્રવૃતિ કરવા માટે વેકેશનને ઉત્તમ સમય ગણે છે. વિધાર્થીઓને વાર્ષિક પરીક્ષાનું છેલ્લું પેપર પૂરૂં થાય એટલે જાણે ઘાત ટળી એવો અહેસાસ થાય છતાં સો વાતની એક વાત કે વેકેશન એટલે એક નિરાંત નો જાણે અહેસાસ. વેકેશન આપણાં સૌ માટે એક અનોખું રિફ્રેશમેન્ટ છે. આગામી વેકેશનને આપણે બધા મનભરી ,આનંદ ઉલ્લાસથી માણીએ અને સુખી નિરામય સ્વાસ્થ્ય ભોગવીએ એવા શુભ આશય સાથે.........

"Happy Jaurney"............



# भारत में रविवार की छुट्टी किस व्यक्ति ने दिलाई ?



प्रविણ જે. યાદવ
વડી કચેરી, અમદાવાદ

रविवार की छुट्टी के पीछे उस महान व्यक्ति का क्या मकसद था? जानिए क्या है इसका इतिहास। साथियों, जिस व्यक्ति की वजह से हमें ये छुट्टी हासिल हुयी है, उस महापुरुष का नाम है नारायण मेघाजी लोखंडे. नारायण मेघाजी लोखंडे ये जोतीराव फुलेजी के सत्यशोधक आन्दोलन के कार्यकर्ता थे। और कामगार नेता भी थे। अंग्रेजों के समय में हफ्ते के सातों दिन मजदूरों को काम करना पड़ता था। लेकिन नारायण मेघाजी लोखंडे जी का ये मानना था की, हफ्ते में सात दिन हम अपने परिवार के लिए काम करते हैं। लेकिन जिस समाज की बदौलत हमें नौकरियां मिली है, उस समाज की समस्या छुड़ाने के लिए हमें एक दिन छुट्टी मिलनी चाहिए। उसके लिए उन्होंने अंग्रेजों के सामने 1881 में प्रस्ताव रखा। लेकिन अंग्रेज ये प्रस्ताव मानने के लिए तयार नहीं थे। इसलिए आखिरकार नारायण मेघाजी लोखंडे जी को इस Sunday की छुट्टी के लिए 1881 में आन्दोलन करना पड़ा। ये आन्दोलन दिन-ब-दिन बढ़ते गया। लगभग 8 साल ये आन्दोलन चला। आखिरकार 1889 में अंग्रेजों को sunday की छुट्टी को ऐलान करना पड़ा। ये है इतिहास।

**क्या हम इसके बारे में जानते है ?**

अनपढ़ लोगों को छोड़ो, लेकिन क्या पढ़े लिखे लोग भी इस बात को जानते है? जहां तक हमारी जानकारी है, पढ़े लिखे लोग भी इस बात को नहीं जानते। अगर जानकारी होती तो sunday के दिन enjoy नहीं करते.... समाज का काम करते.... और अगर समाज का काम ईमानदारी से करते तो समाज में भुखमरी, बेरोजगारी, बलात्कार, गरीबी, लाचारी ये समस्या नहीं होती।

साथियों, इस sunday की छुट्टीपर हमारा हक नहीं है, इसपर समाज का हक है। कोई बात नहीं, आज तक हमें ये मालूम नहीं था लेकिन अगर आज हमें मालूम हुआ है तो आज से हो sunday का ये दिन सामाजिक कार्यों के लिए समर्पित करें !!



# વિચાર મૌક્તિકો

એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

**કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન :- ફ્રી છો તો શાંતિથી વાંચજો. સુંદર ૧૧ વાતો સમજવા જેવી.**

૧. ભગવાન ક્યારેય ભાગ્ય નથી લખતાં, જીવનના દરેક ડગલાં પર આપણો વિચાર, આપણો વ્યવહાર, આપણુ કર્મ જ આપણુ ભાગ્ય લખે છે

૨. પહેલાંના લોકો લોટ જેવા હતા, લાગણીનુ પાણી નાંખી એ તો ભેગા થઈને બંધાઈ જતાં, આજે લોકો રેતી જેવાં છે, ગમે તેટલું લાગણીનુ પાણી નાખો તો પણ છૂટા ને છૂટા.

૩. નીતિ સાચી હશે તો નસીબ ક્યારે પણ ખરાબ નહીં થાય,
બીજો માણસ આપણામા વિશ્વાસ મૂકે એ જ આપણા જીવનની સૌથી મોટી સફળતા છે.

૪. દુઃખ ભોગવનાર વ્યક્તિ આગળ જઈને કદાચ સુખી થઈ શકે છે, પરંતુ દુઃખ આપનાર વ્યક્તિ આગળ જઈને ક્યારેય સુખી થતો નથી.

૫. માણસાઈ દિલમાં હોય છે, હેસિયતમાં નહીં, ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે, વસિયત નહીં.

૬. તમે ગમે તેટલા શતરંજ ના મોટા ખેલાડી હો, પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ તમારી બરબાદીના તમામ રસ્તા ખોલી નાખે છે.

૭. પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે અને સબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.

૮. જીવન માં સ્વાર્થ પુરો થઈ ગયા પછી અને શરીરમાંથી શ્વાસ છુટી ગયાં પછી કોઈ કોઈની રાહ જોતું નથી.

૯. જે જોઈએ તે મેળવીને જ જંપવુ એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.

૧૦. ઈશ્વર જયારે આપે છે ત્યારે સારું આપે છે અને નથી આપતો ત્યારે વધું સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ જયારે રાહ જોવડાવે છે...ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જજજ આપે છે.

૧૧.આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે, આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે...
આપને ઉચિત જણાય તો અન્યને પણ મોકલજો..

## શાળાની પ્રવૃત્તિઓ



રાષ્ટ્રીય તમાકુ નિષેધ કાર્યક્રમ

## શાળા કક્ષાએ ૧૨ થી ૧૪ વર્ષના બાળકો માટે સરકારશ્રી દ્વારા કાવિડ-૧૯ રક્ષણ માટે રસીકરણ કાર્યક્રમ



## તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ






ધોરણ-૮ વિદાય




શાળામાં જમાદાર તરીકે ફરજ બજાવતા નયનાબા ઝાલાની વિદાય